સંદેશ, ગાંધીનગર આવૃત્તિ પાના નંબર-૦૨
તારીખ :- ૧૧/૦૧/૨૦૨૬.

### ૧૦ IPS, ૨૦ DySPના સુપરવિઝનમાં શહેર પોલીસ છાવણીમાં ફેરવાશે

# PMના આગમનને લઈ લોખંડી બંદોબસ્ત

## વડાપ્રધાનના રૂટ અને કાર્યક્રમના સ્થળોએ ટ્રાફિક ડાઈવર્ટ કરાશે







। ગાંધીનગર ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતને લઈને પાટનગર બે દિવસ પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે. આવતીકાલે ૧૧ જાન્યુઆરીએ પીએમ નરેન્દ્ર મોદી મેટ્રોને લીલીઝંડી આપશે, જે બાદ ૧૨ જાન્યુઆરીના રોજ મહાત્મા મંદિર ખાતે ભારત અને જર્મન પ્રતિનિધિ મંડળ વચ્ચે બેઠક મળશે. વડાપ્રધાનની સુરક્ષા લઈને શહેરમાં ૧૦થી વધુ આઈપીએસ, ૨૦ ડીવાયએસપી કક્ષાના અધિકારીઓના સુપરવિઝનમાં ૧૯૦૦ જેટલા પોલીસ જવાનો તૈનાત કરાશે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના આગમનને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. રાઉન્ડ ફોર્સમાં ૫૦ પીઆઈ, ૧૦૦થી વધુ પીએસઆઈ અને ૧૮૦૦ જેટલા પોલીસ કોન્સ્ટેબલ તૈનાત કરાશે. જેમના ઉપર ૧૦થી વધુ આઈપીએસ અને ૨૦ જેટલા ડીવાયએસપી કક્ષાના અધિકારીઓનું સુપરવિઝન રહેશે. મેટ્રો સ્ટેશનની નીચે નાગરિકો પણ સુવિધા નિહાળી શકે તે માટે મનપા અને પોલીસના સંકલનથી ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં એક અંદાજ મુજબ પાંચ હજાર જેટલો લોકો ઉમટી પડે તેવી શક્યતા છે. વડાપ્રધાનના રૂટ અને કાર્યક્રમના સ્થળોને ધ્યાનમાં રાખીને શહેરના મુખ્ય માર્ગો ઉપર ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવશે, જેથી નાગરિકોને પણ અપીલ કરાઈ છે કે, જાહેર કરાયેલા વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરે જેથી તેઓને મુશ્કેલી પડે નહીં. વડાપ્રધાનના આગમનને લઈને ૧૧ જાન્યુઆરીએ બપોરે ૨થી ૧૨ જાન્યુઆરી સવારે ૧૦ વાગ્યા સુધી ચ-૦ સર્કલથી સેક્ટર-૩૦ સર્કલ સુધીનો જ-રોડ સંપૂર્ણ બંધ રહેશે. ૧૨મીએ સવારે ૬થી સાંજે ૪ વાગ્યા સુધી ક-રોડ હોટલ લીલાથી સેક્ટર-૧૩ રેલવે સ્ટેશન ચોકડી સુધીનો માર્ગ તથા ખ-૩ સર્કલથી સાંઈ ચાર રસ્તા મહાત્મા મંદિર સુધીનો રોડ સામાન્ય નાગરિકો માટે પ્રતિબંધિત રહેશે.

### SPG દ્વારા કાર્યક્રમ સ્થળો સહિત સમગ્ર રૂટમાં સઘન ચેકિંગ

વડાપ્રધાનના આગમન પહેલાં જ સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રૂપના જવાનો ગાંધીનગર પહોંચી ગયા હતા. જેમાં વડાપ્રધાનના કાર્યક્રમ સ્થળ, રાજભવન, મહાત્મા મંદિર, સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન સહિત વડાપ્રદાનના સમગ્ર રૂટમાં સુરક્ષાને ધ્યાને રાખીને એસપીજી દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં સુરક્ષાને ધ્યાને રાખીને જરૂરી સુચનો સ્થાનિક પોલીસને કર્યા હોવાની વિગતો છે.